ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૫-૨૦૧૫, શનિવાર

તંત્રી સ્થાનેથી....

ચીન ભારત સાથેની દોસ્તી મુદ્દે કેટલું ગંભીર?

પ્રોટોકોલ તોડીને ચીની પ્રમુખ જિન-પિંગે એમના ગૃહનગર શિયાનમાં મોદીનું ભવ્ય સ્વાગત કર્યું, એથી ભારતવાસીઓ જરુર ગર્વ લઇ શકે. આખરે જિન-પિંગ એ વિશ્વની બીજા નંબરની મહાસત્તા અને સૌથી મોટી વસતિ ધરાવતા સામ્યવાદી રાષ્ટ્રના વડા છે. મોદી સાથે દોસ્તી કેળવીને ચીની નેતા ભારત સાથેના વર્ષોથી કથળેલા સંબંધોની કડવાશ ભુલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. દુનિયામાં 'નંબર-વન' યાયદાન હાંસલ કરવામાં એમને ભારત ક્યાંક નડવાનું નથી, કારણ કે એમની હરિફાઇ તો અમેરિકા સાથે છે. પરંતુ ભારત પણ ઊભરતી મહાસત્તા છે, અને એ લોકશાહી દેશ તરીકે બાકીની દુનિયાને વિશેષ સ્વીકાર્ય છે, તે પણ ચીનથી અજાણ્યું નથી. એટલે કે તરફ ભારત પર પાકિસ્તાન મારફત સતત જમ્મુ-કાશ્મીર મુદ્દે પ્રેશર વધારતાં રહેવું અને બીજી તરફ સાંસ્કૃતિક - વ્યાપારિક અને ઔદ્યોગિક સંબંધોની દુહાઇ દઇ 'એશિયાની બે મહાન પ્રજાઓ' તરીકે સાથે હોવાનો દાવો કરતા રહેવું, એવી બેવડી ચાલ ચાલી રહેલા ચીની ડ્રેગનને વડનગરની ધૂળમાં રગડોળાઇને મોટા થયેલા નરેન્દ્ર દામોદરદાસ મોદી બરાબર સમજતા જ હોય. એમને ચીનની અધિકૃત ચેનલ પર મુકાયેલા ભારતનો નકશો નહીં જોયો હોય એમ માની લેવાની જરુર નથી. એ નકશો ચીનની માન્યતા મુજબનો છે અને પાકિસ્તાનની પસંદગીનો છે. ભારતના મોરમુગટ સમા જમ્મુ અને કાશ્મીર - અર્થાત જેને અટલ બિહારી વાજપેયીની જાણીતી ગદ્યકવિતા મુજબ ભાજપ આખું ભારતમાતાનું મસ્તક ગણતું રહેલ છે તે પ્રદેશને ચીને ઊડાડી મૂક્યો છે. મતલબ કે એ જમ્મુ અને કાશ્મીરને ભારતના અવિભાજ્ય અંગ તરીકે સ્વીકારતું નથી. એ જ રીતે ચીન અરુણાચલ પ્રદેશને પોતાનો પ્રદેશ ગણાવે છે. એટલે એણે જારી કરેલા નકશામાં ભારતનાં આ બંને રાજયો ગાયબ છે! હવે મોદીની ઉપસ્થિતિમાં જ જયારે સરકારી ચીની મીડિયા ભારતને આવી વિકલાંગ સ્થિતિમાં દર્શાવી રહ્યું હોય ત્યારે એમની દાનત ખોરા ટોપરા જેવી છે, એ મુદ્દે કોઇ શંકા બચે છે ખરી? મોદીને સારું લગાડતા જિન-પિંગે પૂછ્યું કે તમે ગુજરાતમાં ચમત્કાર કેવી રીતે સર્જી શક્યા? - ત્યારે એ પ્રશ્નથી અંજાયા વગર કે રાજી થયા વગર મોદીએ તમે અમારા વિરોધ છતાં પાકે પચાવી પાડેલા કાશ્મીરમાં જંગી રકમનું રોકાણ કેમ કર્યું? - એવો સામો સવાલ કરીને ચીની નેતાને મૂંઝવી નાખ્યા હોવાનું કહેવાય છે. જમ્મુ-કાશ્મીર અને અરુણાચલ પ્રદેશના નાગરિકોને સ્ટેપલ વિઝા આપવા જેવો સવાલ પણ મોદી ઉઠાવે જ. ચીન ભારત સાથે દોસ્તી ઇચ્છતું હોય તો એ માટે ભારત પણ એટલો જ ઉમળકો દાખવવો જોઇએ પરંતુ એ દોસ્તી રાજકપૂરની કે આમીર ખાનની ફિલ્મ સુધી સિમિત ન રહેતાં બે જવાબદાર પાડોશીઓ વચ્ચેની ગંભીર મિત્રતા બની રહેવી જોઇએ. ચીને ૧૯૬૨માં પચાવી પાડેલો ભારતનો વિસ્તાર પાછો સોંપવો જોઇએ, એટલું જ નહીં - તિબેટને સ્વાયતત્તા આપવાની પણ તૈયારી રાખવી જોઇએ. જો કે વિસ્તારવાદી ચીન પાસે આવી અપેક્ષાઓ રાખવી વધારે પડતું જ ગણાશે, એ પણ ભારતે સમજવું જ રહ્યું!

આવતીકાલે 'સાવિત્રી'ના અનુવાદના દ્વિતિય ગ્રંથનું અનાવરણ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના શ્રી અરવિંદ કેન્દ્રના વરિષ્ઠ સભ્ય ગૌતમભાઈ આચાર્ય દ્વારા મહર્ષિ શ્રી અરવિંદકૃત મહાકાવ્ય 'સાવિત્રી'નું સરળ ગુજરાતી ગદ્યમાં ભાષાંતર કરવામાં આવ્યું છે. આ ભાષાંતર ચાર ભાષામાં પુસ્તકરૂપે પ્રકાશિત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પૈકી પ્રથમ પુસ્તક ઈ.સ. ૨૦૧૧ દરમિયાન પ્રકાશિત થઈ ચુકયું છે.

આ શ્રેણીના બીજા પુસ્તકનું અનાવરણ આગામી તા. ૧૭મી મે, રવિવારે સે-૨ ૩માં શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે સવારે ૧૦ થી ૧૨ દરમિયાન જાણીતા સાહિત્યકાર રાજેન્દ્ર પટેલના શુભ હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે અરવિંદ કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગરના અધ્યક્ષ દયાશંકર મિશ્રા તથા જાણિતા લેખિકા જયોતિબહેન થાનકી આમંત્રિત મહેમાનો તરીકે ઉપસ્થિત રહેશે.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'યુવા કવિ સંમેલન'નું ૧૪ મે ગુરુવારના રોજ રા.વિ. પાઠક સભાગૃહ ખાતે આયોજન થયું હતું. કુલ ૮ કવિઓએ પોતાની કવિતાનો પાઠ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું. કવિગણમાં મનીષ પાઠક 'શ્વેત', ચંદ્રેશ મકવાણા, કૃષ્ણ દવે, ગીરીશ પરમાર, છાયા ત્રિવેદી, પૂર્વી ઓઝા, પારુલ બારોટ, હરદ્વાર ગોસ્વામીનો સમાવેશ થયો હતો. દરેક કવિની કવિતાને, કવિતાના ભાવકો અને ચાહકોએ વાહ...વાહ.. દુબારા બોલીને દાદ આપી હતી.

ગાંધીનગર શહેરની ખાનગી શાળાઓમાં બાકી રહેતી બેઠકો પર નબળા-પછાત વર્ગના વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવા જોગ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરની ખાનગી શાળાઓમાં ભારત સરકારના મફત અને ફરજિયાત શિક્ષણના કાયદા અંતર્ગત ધોરણ 1માં નબળા અને પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે -વેશ આપવા માટેની જોગવાલ્ર કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્રના અથાગ -યત્નો બાદ શહેરની ખાનગી શાળાઓમાં અંદાજે 100 જેટલી બેઠકો પર નબળા પછાત વર્ગના વિદ્યાર્થીઓએ -વેશ લીધો છે, જયારે 100 જેટલી બેઠકો ખાલી રહી છે.

જે બાળકે તા. 1 લી જૂન 2015ના રોજ પાંચ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા બાળકોના વાલીઓ પોતાના બાળકોને ગાંધીનગર શહેરની સ્વામિનારાયણ શિશુ વિહાર, સેકટર22, જે.બી.-લ્રમરી સ્કુલ, સેકટર 23, સ્વામિનારાયણ પબ્લીક સ્કુલ, સેકટર 23, બા શ્રી વસંત કુંવરબા વિદ્યાલય, સેકટર 28, ેરણા વિદ્યાલય, સેકટર 5, એસ.જી. લ્ર્ગ્લીંશ મીડિયમ સ્કુલ, સેકટર 23, આર.એન. પટેલ સ્કુલ, સેકટર 23, સર -તાપ હિન્દી -લ્રમરી સ્કુલ , સેકટર 30, એમ.બી.પટેલ કન્યા -લ્રમરી સ્કુલ, સેકટર 23, રાજ -લ્રમરી સ્કુલ, સેકટર 25, જે.એમ. ચૌધરી -લ્રમરી સ્કુલ , સેકટર 7, હિલવુડ સ્કુલ, સેકટર 25, જે.એમ.ચૌધરી લ્ર્ગ્લીંશ મીડિયમ સ્કુલ, સેકટર 7 અને શ્રી હરિ લ્ર્ન્ટરનેશનલ પબ્લીક સ્કુલ, સેકટર 23ની શાળામાં વિના મૂલ્યે -વેશ અપાવી શકશે. તે ઉપરાંત આવા -વેશ મેળવનાર વિદ્યાર્થીઓને યુનિફોર્મ અને અન્ય ખર્ચે પેટે વાર્ષિક રૂપિયા 3 હજાર ચુકવવામાં આવશે.

-વેશ મેળવવા અંગેનું ફોર્મ બી.આર.સી. ભવન, સરકારી -થમિક શાળાનુ કપાઉન્ડ, સિવિલ હોસ્પિટલ પાછળ, સેકટર 12 તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, બીજો માળ, સહયોગ સંકુલ, સેકટર 11, ગાંધીનગર તેમજ ઉપરોક્ત તમામ ખાનગી -થમિક શાળાઓમાં મળી શકશે. -વેશ અંગેની મૂંઝવણ અથવા જરૂરી માર્ગદર્શન માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

ધોરણ1માં -વેશ મેળવનાર વિદ્યાર્થીને ધોરણ 8 સુધી કોલ્ર પણ -કારની ફી ભરવાની રહેતી નથી. સરકારશ્રીની આ યોજનાનો મહત્તમ લાભ લેવા માટે કલેકટર શ્રી રવિશંકર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એમ.એસ.બારડે વાલીઓને અપીલ કરી છે.

વિદ્યાર્થીઓ ફોર્મ અને પીન જુન સુધી મેળવી શકશે

યુનિ સલગ્ન સાયન્સ કોલેજોમાં આજથી પ્રવેશ માટે પ્રક્રિયા શરૂ

અમદાવાદ, તા.૧૫

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરીણામ જાહેર થવાને હજી ૧૦ દિવસની વાર છે. જો કે દર વર્ષની જેમ આ વર્ષે પણ સાયન્સ કોલેજોમાં પ્રવેશને લઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટે આવતીકાલથીજ સાયાન્સ કોલેજોમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરી દેવાશે. જે અંતર્ગત આવતીકાલ થી ૧૦મી જૂન સુધીમાં વિદ્યાર્થીઓ સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટેના ફાર્મ અને પીન નંબર મેળવી શકશે. તેમજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓ ૩૦મી મે થી ૧૧મી જૂન સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની શકશે. જો કે અમદાવાદ શહેર બહારની સાયન્સ કોલેજોમાં વિદ્યાર્થીઓને સીધો પ્રવેશ અપાશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી સલગ્ન સાયન્સ કોલેજોમાં ગત વર્ષે ઓનલાઈન સેન્ટ્રલાઈઝ એડમિશન સીસ્ટમ દાખલ કરવામાં આવી હતી. જો કે આ સિસ્ટમનાં પગલે વિદ્યાર્થીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. તેમજ પ્રવેશ પ્રક્રિયા ખુબ લાંબા સમય સુધી ચલાવાની ફરજ પડી હતી. ત્યારે નવા વર્ષની મુશ્કેલીઓ જોતા ચાલુ વર્ષે સાયન્સ કોલેજોમાં ઓફલાઈન પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે. જો કે અમદાવાદ શહેરની સાત સાયન્સ કોલેજોની ૨૮૦૦ જેટલી બેઠકો પર ફોર્મ ભરવાની પ્રક્રિયા ઓનલાઈન હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત પ્રવેશ પ્રક્રિયામાં અવસ્થા ન સર્જાય તે માટે આવતીકાલથીજ પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓ આવતીકાલથી ૧૦મી જૂન સુધીમાં સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે ફોર્મ અને પીન નંબર મેળવી શકશે. તેમજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ જાહેર થયા બાદ ૩૦મે થી ૧૧મી જૂન સુધીનાં વિદ્યાર્થીઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. જો કે અમદાવાદ શહેરની સાત સાયન્સ કોલેજોમાંજ પ્રવેશ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન થઈ શકશે જયારે ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ ગ્રામ્ય વિસ્તારની સાયન્સ કોલેજો પોતાની રીતે સીધો પ્રવેસ આપી શકશે. આ ઉપરાંત ચાલુ વર્ષે અમદાવાદ શહેરની સેન્ટ ઝેવિયર્સ કોલેજને પણ સ્વાયત્ત દરજ્જો આપી દેવામાં આવ્યો છે. જેથી સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં પ્રવેશની કાર્યવાહી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ જાહેર થયા બાદ મેડીકલ-એન્જિન્યરીંગ પ્રવેશ કાર્યવાહી શરૂ ન થાય ત્યાં સુધી સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળે છે.

બ્રહ્માકુમારીઝ દ્વારા નિર્મિત દસ્તાવેજી ફિલ્મ 'નારીત્વ દર્શન' ગાંધીનગરમાં દર્શાવાશે

ગાંધીનગર, તા. ૧૫

બ્રહ્માકુમારીઝ ઈન્ટરનેશનલ દ્વારા નિર્મિત ડોક્યુમેન્ટરી ટૉક-શો ફિલ્મ નારીત્વ દર્શનનું તા. ૨૪મી મે ના રોજ ગાંધીનગરના સીટી પલ્સ સિનેમા હોલ ખાતે સ્ક્રીનીંગ યોજાનાર છે. આ પ્રસંગે મહિલા બાળ વિકાસ મંત્રી વસુબેન ત્રિવેદી મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે.

ગુજરાત નેશનલ ફિલ્મ ફેસ્ટિવલ-૨૦૧૪માં બેસ્ટ કોન્સેપ્ટનો નેશનલ એવોર્ડ વિજેતા ફિલ્મ 'નારીત્વ દર્શન' દ્વારા મહિલાઓ પ્રત્યેના સાંપ્રત પ્રશ્નોને લગતા તેમજ નારી સ્વાભિમાનને લગતા પ્રશ્નોને આવરી લેવાયા છે. આ ફિલ્મનો કોન્સેપ્ટ અને દિગ્દર્શન ડૉ. સુનિતાદીદી ચાંડક દ્વારા કરાયું છે. ફિલ્મમાં ભારત સરકારના ભૂતપૂર્વ વિઝીલન્સ કમિશનર રંજનાકુમાર સ્પેશ્યલ એપિરિયન્સમાં ચમકે છે તેમજ ફિલ્મમાં ટૉક શૉનું સંચાલન અમન યતન વર્મા દ્વારા કરાયું છે. આ ફિલ્મ તા. ૨૪મી મે એ સીટીપલ્સ ખાતે સવારે ૯.૩૦થી ૧૧ વાગ્યા દરમ્યાન દર્શાવાશે.

હરિની દૃષ્ટિ...

અમારૂ વચન છે... તમે સફાઈ અભિયાન પુરું કરશો... ત્યાં સુધીમાં કાળુ નાણું પરત લાવી દઈશું... અત્યારે ક્યાં ક્યાં છે એ જોવાનું જ ચાલે છે!!

રાંધેજામાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે એમબીએ ઈન રૂરલ મેનેજમેન્ટમાં પ્રવેશ પ્રકીયાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર તાલુકાના રાંધેજા ખાતે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર અભ્યાસક્રમ ચાલે છે. આ અભ્યાસક્રમ માટે પ્રવેશ પ્રક્રીયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે જે અંતર્ગત તા. ૧લી મે થી તા. ૨૫મી જુન દરમિયાન પ્રવેશ ફોર્મનું વિતરણ કરાશે અને તા. ૨૬મી જુને સવારે ૧૦ વાગે પ્રવેશ પરીક્ષા યોજાશે.

આ અભ્યાસક્રમમાં કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક અથવા છેલ્લા વર્ષની પરીક્ષા આપેલા વિદ્યાર્થી અરજી કરી શકશે. લેખિત પરીક્ષા, જુથ ચર્ચા અને રૂબરૂ મુલાકાતના આધારે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવામાં આવશે. આ અભ્યાસક્રમ કર્યા બાદ વિદ્યાર્થીઓને સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓ, સહકારી ક્ષેત્રની કંપનીઓ, ગ્રામીણ સામાજિક સંગઠનો વગેરેમાં રોજગારી અથવા ઉદ્યોગ સાહસિક બનવાની તક મળી શકે છે. અભ્યાસ માટે સંસ્થા દ્વારા અદ્યતન કોમ્પ્યુટર લેબ, મલ્ટી મીડીયા પ્રોજેકટર સહિત વિવિધ શૈક્ષણિક ઉપકરણોથી સજ્જ કોન્ફરન્સ હોલ અને વર્ગખંડ, તજજ્ઞ સ્ટાફ, સમૃદ્ધ પુસ્તકાલય, નૈસર્ગિક વાતાવરણ, શિષ્યવૃત્તિની જોગવાઈ તેમજ એમફિલ અને પીએચડીના અભ્યાસ તક સુધીની સુવિધા અપાશે. અભ્યાસક્રમ માટે છાત્રાલય નિવાસ ફરજિયાત છે. તેમજ પ્રવેશ ફોર્મનું મુલ્ય રૂ. ૨૦૦ છે.

ગાંધીનગરના ખડાયતા સમાજના બાળકોની અમેરિકા શૈક્ષણિક પ્રવાસ માટે પસંદગી

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતના સમસ્ત ખડાયતા સમાજના ગાંધીનગર એકમના પ્રમુખ તેમજ ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ દિનેશ એફ. શાહની પૌત્રી રીચા તુષાર શાહ (ધો-૧૧) અને પૌત્ર અર્થ તુષાર શાહ (ધો-૬) કુડાસણની સ્કુલ ઓફ એચીવર દ્વારા અમેરિકાના ૧૩ દિવસના શૈક્ષણિક પ્રવાસ માટે કુલ ૭૭ વિદ્યાર્થીઓમાંથી ૧૧ વિદ્યાર્થીઓમાં પસંદગી પામેલ છે.

આ પ્રવાસમાં તેઓ તારીખ ૨૨-૫-૨૦૧૫ થી તા. ૪-૬-૨૦૧૫ના સમય દરમિયાન નાસા (નેશનલ એરોનોટિક સ્ટેશન) ઓરલેન્ડો, વોશિંગ્ટન, ન્યુયોર્ક, નાયગ્રા ફોલની મુલાકાત લેશે. આ દરમિયાન તેઓ પ્રથમ નાસા ખાતે ૬ દિવસની અન્તરિક્ષયાત્રિ તાલીમ શિબિરમાં ભાગ લેશે. આ શૈક્ષણિક તાલીમ શિબિર દરમિયાન બાળકો અંતરિક્ષયાત્રી જેવી વિવિધ પ્રક્રિયામાંથી પસાર થશે. જેમાં ઝીરો ગ્રેવીટી, મિશન એરિયા-૫૧, મિશન જી ફોર્સ, મુન વોક બાળકો શીખશે. અને વિવિધ પ્રેઝન્ટેશન કરશે. ત્યાર બાદ તેઓ વોશિંગ્ટન, ન્યુયોર્ક, નાયગ્રા ફોલની મુલાકાત લેશે. આ પ્રવાસમાં પસંદગી પામવા બદલ અને તેમની યાત્રા સફળ થાય તેવો વધુમાં વધુ પ્રગતિ કરે તે માટે તેમના કુટુંબીજનો, મિત્ર વર્તુળ અને સમાજ તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી છે તેમજ આનંદની લાગણી વ્યકત કરવામાં આવી છે. તેઓની દરેક ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભકામના પણ પાઠવવામાં આવી છે.

દુનિયાને જીતવાને બદલે જે મનને જીતે છે, તે સિકંદરનો સિંકદર છે જે ખુદને જીતે છે

અદબ પલાઠી માં પર આંગળી
- ડો. સંતોષ દેવકર

દૃષ્ટિ શોધે દીવો ઘરમાં
સૂરજ જશે ડૂબી પળમાં.
રસ્તો પણ મંઝિલને જંખે,
બાંધીને ઇચ્છાઓ પગમાં
(જગદીશ ભટ્ટ)

સંસારની કોઇ વ્યક્તિ એવી નથી, જે સંપૂર્ણ સુખી હોય. તેના બધા જ સંજોગો મરજી મુજબના હોય, કોઇ દુઃખ ન હોય અને નિષ્ફળતા ક્યારેય મળી ન હોય.

કેટલાક લોકો મળેલ સુખ સુવિધાઓને તુચ્છ માને છે અને જે થોડા દુઃખ છે, અભાવ છે, તેને પહાડ સમાન માની પોતાની જાતને દુઃખી માને છે. આવા લોકોની માનસિક શક્તિ રોવા કકળવામાં જ ખર્ચાઇ જાય છે. તેનાથી ઉલટું વિવેકશીલ વ્યક્તિ જીવનમાં મેળવેલી સુખ સુવિધાઓ પર ચિંતન કરે છે તે ઉપલબ્ધિ પર સંતોષ માનીને ઇશ્વરનો આભાર વ્યક્ત કરે છે.

જીવનને શાંતિપૂર્ણ રીતે પસાર કરવાની રીત એ છે કે પોતાની મુશ્કેલીઓનું મૂલ્ય વધારીને ન આંકીએ, પરંતુ વાસ્તવમાં જેટલું છે તેટલું જ સમજીએ, તેનાથી આપણી અનેક સમસ્યાઓ અને ચિંતાઓ સહેલાઇથી દૂર થઇ જશે.

એક ઘટનાનું મૂલ્યાંકન કરીએ; એક વિદ્યાર્થી પરીક્ષામાં નાપાસ થાય છે. નાપાસ થવાથી તેનું માનસિક સંતુલન ડગી જાય છે. તે આ નિષ્ફળતાને વજાઘાત જેવી માને છે. તે વિચારે છે કે દુનિયા મને ધિક્કારશે. મિત્રો આગળ મારી આબરુ ધૂળમાં મળી જશે. માતા-પિતા કડવા વેણ કહેશે. આ કલ્પના તેને અસહ્ય લાગે છે અને તે આત્મહત્યા કરી લે છે. ઘરમાં રોક્કળ મચી જાય છે. વૃદ્ધ માતા-પિતા રડી રડીને બેબાકળા થઇ જાય છે.

એક ઉલ્લાસપૂર્ણ હસતાં - રમતાં ઘરનું વાતાવરણ શોક, શોભ, અને નિરાશામાં ફેરવાઇ જાય છે. આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થવા માટે નિષ્ફળતા નહીં પણ તે તરફ જોવાનો દૃષ્ટિકોણ જવાબદાર છે.

જીવનને શાંતિપૂર્ણ રીતે પસાર કરવાની રીત એ છે કે પોતાની મુશ્કેલીઓનું મૂલ્ય વધારીને ન આંકીએ, પરંતુ વાસ્તવમાં જેટલું છે તેટલું જ સમજીએ, તેનાથી આપણી અનેક સમસ્યાઓ અને ચિંતાઓ સહેલાઇથી દૂર થઇ જશે

એક બીજો વિદ્યાર્થી છે તે પણ આ જ ધોરણમાં નાપાસ થયો છે. તેને દુઃખ તો થાય છે પરંતુ પરિસ્થિતિનું સાચું મૂલ્યાંકન કરે છે. વિચારે છે કે હાલના સંજોગોમાં નાપાસ થવું એક સામાન્ય વાત છે. આમાં હંમેશાં વિદ્યાર્થી જ ગુનેગાર નથી હોતો, પરંતુ ઘણી વાર શિક્ષકોની ઉદાસીનતા, માર્ક્સ આપનારની લાપરવાહી પણ આનું કારણ હોઇ શકે છે. આ વર્ષે નાપાસ થયા તો આવતા વર્ષે વધુ મહેનત કરી સારા ડિવીઝનમાં પાસ થઇશ - વગેરે વાતોથી પોતાના મનને મનાવી લે છે. નાપાસ થયાના નબળા વિચારને પોતાના મનમાંથી કાઢી નાખે છે. વધુ સારી મહેનત કરવા માટે લાગી જાય છે.

બંને વિદ્યાર્થી એક જ સમયે એક જ વર્ગમાં નાપાસ થયા છે. એક આત્મહત્યા કરી તો બીજાએ એ બાબતને સામાન્ય ગણી જીવનની અન્ય પરીક્ષા આપવા મનને મનાવી લીધું. તફાવત માત્ર દૃષ્ટિકોણનો હતો. પરિસ્થિતિનો નહીં. આપણે આપણી મુશ્કેલીઓને વધારીને ના જોવી જોઇએ.

દુનિયામેં કિતના ગમ હૈ
મેરા ગમ કિતના કમ હૈ
લોગોં કા ગમ દેખા તો
મૈં અપના ગમ ભૂલ ગયા

ઉપરોક્ત બંને વિદ્યાર્થીઓના ઉદાહરણ પરથી એક વાત સ્પષ્ટ ઊભરીને આવે છે કે જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ હકારાત્મક હોવો જોઇએ.

દરેક વ્યક્તિ પોતપોતાનો ભાગ્ય નિર્માતા છે. આપણે આપણા દૃષ્ટિકોણની ખામીઓને સમજીએ અને તેને સુધારવાનો પ્રયત્ન કરીએ. સુધારેલો દૃષ્ટિકોણ, પરિમાર્જિત થયેલો દૃષ્ટિકોણ, શાંતિ અને સંતોષને કાયમ રાખે છે. (ધોરણ ૧૦ અને ૧૨ ના પરિણામો નજીકમાં જ છે ત્યારે વિદ્યાર્થી દોસ્તો માટે ખાસ...)

(શીર્ષક પંક્તિ : સુનિયા વ્યાસ, સિદ્ધપુર)

મિસરી
કેવા શુકનમાં પર્વતે
આપી હશે વિદાય
નિજ ઘરથી નીકળી નદી
પાછી વળી નથી.
(જલન માતરી)

(SMS – રવિ શાહ, JCI મોડાસા)